**વહીવટી તંત્રનો મોટો ખુલાસો** | ખેડા જિલ્લામાં પેટ્રોલ-ડીઝલની અછતની વાત માત્ર અફવા

# ખેડા જિલ્લાના તમામ ૧૭૯ પંપો પર ઈંધણનો પૂરતો જથ્થો ઉપલબ્ધ

**સોશિયલ** મીડિયાના ખોટા મેસેજથી ન ગભરાવા અપીલ

(પ્રતિનિધિ) નડિયાદા તા.૨૨

ખેડા જિલ્લામાં પેટ્રોલ અને ડીઝલની અછત વર્તાઈ રહી હોવાની સોશિયલ મીડિયા પર વહેતી થયેલી અફવાઓને પગલે સ્થાનિક વહીવટી તંત્ર એક્શનમાં આવ્યું છે. જિલ્લામાં ઈંધણનો પૂરતો સ્ટોક ઉપલબ્ધ હોવાની જાહેરાત કરી તંત્રએ નાગરિકોને કોઈપણ પ્રકારની અફવાઓથી દૂર રહેવા અને ગભરાટ ન ફેલાવવા અપીલ કરી છે.



તસવીરઃ જશવંતસિંહ રાઠોડ

આ અંગે જિલ્લા પુરવઠા અધિકારી એચ. કે. ગઢવીએ સ્પષ્ટતા કરતા જણાવ્યું છે કે, ખેડા જિલ્લામાં હાલમાં ઈંધણની કોઈપણ પ્રકારની તંગી નથી. સોશિયલ મીડિયા પર વાયરલ થઈ રહેલા ખોટા સંદેશાઓને કારણે વાહનચાલકો પેટ્રોલ પંપ પર વહેલા પહોંચીને ઈંધણ ભરાવવા ઉતાવળ કરી રહ્યા છે, જેને કારણે પંપો પર ‘કૃત્રિમ ભીડ’ જોવા મળી રહી છે જે તદ્દન બિનજરૂરી છે.

હાલમાં જિલ્લાના તમામ ૧૭૯ પેટ્રોલ પંપો પરથી સામાન્ય નાગરિકો અને ખેડૂતો રાબેતા મુજબ ઈંધણ મેળવી રહ્યા છે અને આગામી દિવસોમાં પણ પુરવઠો ખોરવાય તેવી કોઈ શક્યતા નથી.

### પુરવઠા વિભાગનું સઘન મોનિટરિંગ

રાજ્ય સરકારની સૂચના મુજબ કલેક્ટરના સીધા માર્ગદર્શન હેઠળ પુરવઠા વિભાગ દ્વારા સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે. કોઈ પણ વિસ્તારમાં જથ્થો ખૂટી ન જાય તે માટે રોજેરોજ સમીક્ષા બેઠકો યોજવામાં આવે છે. મુખ્ય ઓઇલ કંપનીઓના અધિકારીઓ સાથે સંકલન સાધીને ઓઇલ ડેપોમાંથી પંપ સુધી ટેન્કરો સમયસર પહોંચે તેવી વ્યવસ્થા સુનિશ્ચિત કરવામાં આવી છે.

# સંતરામપુરમાં વીજપોલ સાથે બાઈક ટકરાતા ચાલકનું મોત

(પ્રતિનિધિ) સંતરામપુર તા.૨૨

સંતરામપુર તાલુકાના લીમડા મુવાડી ગામે ગત રોજ બપોરના સમયે એક ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં મારૂવાડા ગામના એક યુવાનનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું હતું, જ્યારે તેની પાછળ બેઠેલો અન્ય એક ઈજાગ્રસ્ત થયો હતો.

પ્રાપ્ત વિગતો અનુસાર, મારૂવાડા ગામનો સંજયભાઈ રમેશભાઈ ખાંટ પોતાની મોટરસાયકલ (નંબર GJ-20-BJ-6067) પર તેના મિત્ર હર્ષદભાઈ જસવંતભાઈ ડામોરને બેસાડીને પસાર થઈ રહ્યો હતો. બપોરના આશરે ૩:૧૫ વાગ્યાના સુમારે લીમડા મુવાડી ગામની ગ્રામ પંચાયત કચેરી સામેના રોડ પરથી પસાર થતી વખતે, સંજયભાઈએ પોતાની બાઈક પરનો કાબુ ગુમાવી દીધો હતો. બેફિકરાઈ અને ગફલતભરી રીતે ચલાવવામાં આવી રહેલી બાઈક રોડની સાઈડમાં આવેલા જીઈબીના સિમેન્ટના વીજ પોલ સાથે ધડાકાભેર અથડાઈ હતી.

આ અકસ્માત એટલો ભયાનક હતો કે બાઈક ચાલક સંજયભાઈને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચતા તેનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે પાછળ બેઠેલા હર્ષદભાઈને શરીરે અને પગે ઈજાઓ પહોંચતા તેમને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.આ ઘટના અંગે મૃતકના કાકા ભરતભાઈ અમરાભાઈ ખંતે સંતરામપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે મૃતક સંજયભાઈ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# ખેડાની ૯ તાલુકા પંચાયતો માટે ભાજપે મેન્ડેટ જાહેર કર્યા

**સ્થાનિક** સ્વરાજ્યની ચૂંટણીમાં ભવ્ય વિજય બાદ પક્ષે પ્રમુખ-ઉપપ્રમુખના નામો પર મારી મહોર

(પ્રતિનિધિ) નડિયાદ તા.૨૨

ખેડા જિલ્લાની વિવિધ તાલુકા પંચાયતોમાં પ્રમુખ અને ઉપપ્રમુખની વરણી માટે ભારતીય જનતા પાર્ટી દ્વારા ઉમેદવારોના નામ નક્કી કરી મેન્ડેટ આપવામાં આવ્યા છે. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં પક્ષે મેળવેલી ભવ્ય જીત બાદ પાર્લામેન્ટરી બોર્ડ દ્વારા કરાયેલા મનોમંથનને અંતે આ ઐતિહાસિક જાહેરાત કરવામાં આવી છે. આવતીકાલે તાલુકા વિકાસ અધિકારીઓની હાજરીમાં સત્તાવાર ચૂંટણી પ્રક્રિયા હાથ ધરાશે, જેમાં આ તમામ નક્કી થયેલા ઉમેદવારો વિધિવત રીતે બહુમતીથી ચૂંટાઈને સત્તાનું સુકાન સંભાળશે. આ તમામ ઉમેદવારો પોતાના ઉમેદવારી પત્રો શનિવારે ભરશે અને ત્યારબાદ તેઓને સત્તાવાર રીતે વિજેતા જાહેર કરવામાં આવશે, જેને પગલે સ્થાનિક રાજકારણમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

### તાલુકા પંચાયત વાર જાહેર થયેલા નામ

**ખેડાઃ** પ્રમુખ તરીકે પ્રતિક કુમાર રાજેન્દ્રભાઈ પટેલ અને ઉપપ્રમુખ પદે પ્રીતિબેન નરેશકુમાર ગોહેલ.

**માતરઃ** પ્રમુખ પદે ભાવનાબેન પ્રહલાદભાઈ ગોહેલ અને ઉપપ્રમુખ પદે દશરથકુમાર અમરસંગ રાઠોડ.

**વસોઃ** પ્રમુખ તરીકે દશરથભાઈ રમણભાઈ ગોહેલ અને ઉપપ્રમુખ તરીકે સંગીતાબેન ભાથીભાઈ સોલંકી.

**નડિયાદઃ** પ્રમુખ તરીકે રમીલાબેન દિનેશભાઈ સોલંકી અને ઉપપ્રમુખ તરીકે નીતાબેન મહેશભાઈ રાઠોડ.

**મહેમદાવાદઃ** પ્રમુખ પદે અજયભાઈ ફુલાભાઈ ડાભી અને ઉપપ્રમુખ પદે વીમુબેન પ્રતાપભાઈ પરમાર.

**મહુધાઃ** પ્રમુખ તરીકે નિશાંત નરેશકુમાર શાહ અને ઉપપ્રમુખ તરીકે કૈલાશબેન દિનુભાઈ સોઢા.

**ફાગવેલઃ** પ્રમુખ તરીકે પ્રિયંકાબેન નરેન્દ્રસિંહ વાઘેલા અને ઉપપ્રમુખ તરીકે કલ્પનાબેન રાજેન્દ્રકુમાર રાઠોડ.

**ઠાસરાઃ** પ્રમુખ તરીકે કોમલબેન ભુપેન્દ્રભાઈ સોલંકી અને ઉપપ્રમુખ તરીકે મહેન્દ્રસિંહ મોહનસિંહ પરમાર.

**ગળતેશ્વરઃ** પ્રમુખ પદે સોનલબેન જય કિશન કુમાર પટેલ અને ઉપપ્રમુખ પદે નયનાબેન ઇન્દ્રજીતસિંહ ચૌહાણ.

**ભાજપનું શક્તિ પ્રદર્શન** | સંગઠને જ્ઞાતિ અને પ્રાદેશિક સમીકરણો સાધવા પ્રયાસ કર્યો

# આણંદની સાત તાલુકા પંચાયતોના નવા સુકાનીની સત્તાવાર જાહેરાત

**પ્રમુખ, ઉપપ્રમુખ અને** કારોબારી ચેરમેન સહિતના પદો પર ‘કેસરીયો’ લહેરાયો



(પ્રતિનિધિ) આણંદ તા.૨૨

આણંદ જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ પર પોતાની પકડ મજબૂત કરવાના હેતુથી ભારતીય જનતા પાર્ટી દ્વારા જિલ્લાની સાત મહત્વની તાલુકા પંચાયતોના નવા હોદ્દેદારોના નામોની જાહેરાત કરવામાં આવી છે. આ યાદીમાં પ્રમુખ, ઉપપ્રમુખ, કારોબારી ચેરમેન, પક્ષના નેતા અને દંડક જેવા મહત્વના પદો પર પક્ષના વફાદારોની વરણી કરીને આગામી સમય માટે રાજકીય ગણિત ગોઠવવામાં આવ્યું છે.

આણંદ જિલ્લા ભારતીય જનતા પાર્ટી દ્વારા જાહેર કરવામાં આવેલી યાદી મુજબ, જિલ્લાના રાજકારણમાં વર્ચસ્વ ધરાવતી આણંદ, પેટલાદ, ખંભાત અને બોરસદ જેવી પંચાયતોમાં નવા ચહેરાઓને સ્થાન આપવામાં આવ્યું છે.

આણંદ જિલ્લાના મુખ્ય મથક એવા આણંદ તાલુકા પંચાયતના પ્રમુખ તરીકે અશોકભાઈ રઈજીભાઈ ઠાકોરની વરણી કરવામાં આવી છે, જ્યારે ઉપપ્રમુખ પદે કુશાંગીબેન મહેશભાઈ પટેલને સ્થાન મળ્યું છે. પેટલાદમાં રણજીતસિંહ મંગળભાઈ પરમારને પ્રમુખની જવાબદારી સોંપાઈ છે. આ વરણીમાં ઠાકોર અને ક્ષત્રિય મતોને અંકે રાખવાનો રાજકીય એંગલ સ્પષ્ટ જણાય છે.

આણંદ ભાજપે સ્ત્રી સશક્તિકરણના એજન્ડાને આગળ વધારતા ઉમરેઠ, સોજિત્રા અને બોરસદમાં મહિલા પ્રમુખોની નિમણૂક કરી છે. ઉમરેઠમાં પુનીતાબેન રીકેનભાઈ પટેલ, સોજિત્રામાં સોનલબેન ભાસ્કરભાઈ ગોહેલ અને બોરસદમાં સોનલબેન યોગેશભાઈ પટેલને પંચાયતનું સુકાન સોંપવામાં આવ્યું છે.

ખંભાત તાલુકા પંચાયતમાં મંગળભાઈ હાથીભાઈ સોલંકી પ્રમુખ તરીકે જવાબદારી સંભાળશે, જ્યારે તારાપુરમાં નમન શશીકાંત વ્યાસની પ્રમુખ પદે વરણી કરવામાં આવી છે. વહીવટી દ્રષ્ટિએ અત્યંત મહત્વના ગણાતા કારોબારી ચેરમેન પદ પર તારાપુરમાં વિપુલભાઈ જાદવ, ઉમરેઠમાં ગૌરવકુમાર ઠાકોર, પેટલાદમાં બ્રિજેશકુમાર પટેલ અને આણંદમાં ભરતભાઈ ડાભીની નિમણૂક કરવામાં આવી છે. સોજિત્રામાં રમેશભાઈ રાઠોડ, ખંભાતમાં બિપીનકુમાર પટેલ અને બોરસદમાં ઘનશ્યામભાઈ ગોહેલ કારોબારી સમિતિનું નેતૃત્વ કરશે.

### વીરપુરમાં વિજય મુહૂર્તમાં ફોર્મ ભરાયા

ભારતીય જનતા પાર્ટીના મોવડી મંડળ દ્વારા વીરપુર તાલુકા પંચાયતના શાસન માટે નવા હોદ્દેદારોની પસંદગી કરવામાં આવી છે. પક્ષ દ્વારા પ્રમુખ તરીકે પિન્કીબેન મુકેશભાઈ પરમાર અને ઉપપ્રમુખ તરીકે દિનેશભાઈ ખેમાભાઈ માલીવાડના નામો પર મહોર મારવામાં આવી છે. આ જાહેરાત બાદ, શુક્રવારે ભાજપના તમામ ચૂંટાયેલા સદસ્યો, સંગઠનના હોદ્દેદારો તેમજ જિલ્લા દ્વારા નિયુક્ત કરવામાં આવેલા નિરીક્ષકોની પ્રેરક ઉપસ્થિતિમાં વિજય મુહૂર્તમાં ઉમેદવારી ફોર્મ ભરવાની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી હતી.



### આંકલાવ તાલુકા પંચાયતમાં રાજકીય ખેલ

આંકલાવ તાલુકા પંચાયત કોંગ્રેસનો ગઢ ગણાય છે. અહીં ૨૦માંથી ૧૩ બેઠકો મેળવનાર કોંગ્રેસ સામે માત્ર ૭ બેઠકો ધરાવતા ભાજપે ગુપ્ત ઓપરેશન શરૂ કરી સત્તા હાંસલ કરવા દાવેદારી નોંધાવી છે. પ્રમુખ પદ માટે ભાજપના કનુભેન પરમાર અને કોંગ્રેસના સોનલબેન પઢિયાર વચ્ચે, જ્યારે ઉપપ્રમુખ પદ માટે ભાજપના કાર્તિકકુમાર સુથાર અને કોંગ્રેસના કનુભાઈ ઠાકોર વચ્ચે સીધી ટક્કર છે. કોંગ્રેસના મેન્ડેટ પર ચૂંટાયેલા ૬ સભ્યો ભાજપના સંપર્કમાં હોવાની આશંકાને પગલે આંકલાવના રાજકારણમાં ભારે ઉથલપાથલના એંધાણ વર્તાઈ રહ્યા છે. બહુમતીના આંકડા વચ્ચે ભાજપના સભ્યોએ ઉમેદવારી પત્ર ભરતા હવે આંકલાવ તાલુકા પંચાયતનું સુકાન કોણ સંભાળશે ? તેના પર સૌની નજર ટકેલી છે.


## પાંચમી વાર્ષિક પુણ્યતિથીએ શ્રધ્ધાંજલિ



## સ્વ. અશ્વિનભાઈ મોહનભાઈ પટેલ (સાગર)

સ્વ.તા.૨૩-૫-૨૦૨૧ સંવત વૈશાખ સુદ-૧૧ રવિવાર

જીંદગી આટલી ટૂંકી હશે ક્યાં ખબર હતી,
વિદાય તમારી ઓચિંતી હશે ક્યાં ખબર હતી,
જીવનની એક એક પળ જીવી ગયા દુ:ખથી કદી ડર્યા નહી
ધર્મ કદી વિસર્યા નહી,
આપનું વ્યક્તિત્વ સદાય અમારા હૃદયમાં રહેશે.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે.

આપના સ્વજનો

ગં.સ્વ.મંજુલાબેન અશ્વિનભાઈ પટેલ

કરણ અશ્વિનભાઈ પટેલ (પુત્ર) મો.૯૮૨૪૧૫૮૩૩૪, ૯૯૦૯૪૧૧૨૨૦ ● જીનાલી કરણ પટેલ (પુત્રવધુ)
કિશન અશ્વિનભાઈ પટેલ (પુત્ર) મો.૯૯૦૪૬૦૧૨૮૧ ● નિમિષા કિશન પટેલ (પુત્રવધુ)
ભાવિનકુમાર કિર્તીભાઈ પટેલ (જમાઈ) ● હિરલ ભાવિનકુમાર પટેલ (પુત્રી) પ્રિયંકા રાજકુમાર પટેલ (પુત્રી)
રાજકુમાર દિપકભાઈ પટેલ (જમાઈ) ● ચિ.તન્વી, ચિ.વેદાંશી, ચિ.હર્શિવ, ક્રિશ્વી, વિહા, વિવાન, વેદ, દર્ષિ તથા સહપરિવાર

સરનામું : એ-૨, અર્બુદાનગર સોસાયટી, સ્વામિનારાયણ મંદિર સામે, રત્નાકર માતા રોડ, મુ.કપડવંજ, જિ.ખેડા.

રિધ્ધિ માઈન્સ એન્ડ મિનરલ્સ (બોક્સાઈટ) ● મારૂતિ બિલ્ડર્સ - મુ.કપડવંજ, તા.કપડવંજ, જી.ખેડા.